પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૫૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૦૨-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રશિયા-અમેરિકા આમને સામને

## રશિયન સેનાના ૧૦૦થી વધુ ટ્રકનો કાફલો યુક્રેનની સરહદ તરફ જતો જોવા મળ્યો

વોશિંગ્ટન,

યુક્રેન સંકટ વચ્ચે હવે અમેરિકા અને રશિયા સામસામે આવતા જોવા મળી રહ્યા છે. એક તરફ રશિયન સેનાના ટ્રક યુક્રેન તરફ કૂચ કરવાના સમાચાર છે તો બીજી તરફ રાષ્ટ્રપતિ બિડેને સ્પષ્ટ કર્યું છે કે તેઓ નાટો બાલ્ટિક દેશોની મદદ માટે સેના મોકલી રહ્યા છે.

રોયટર્સ અનુસાર, રશિયન સેનાના ૧૦૦થી વધુ ટ્રકનો કાફલો યુક્રેનની સરહદ તરફ જતો જોવા મળ્યો છે. રોયટર્સે પ્રત્યક્ષદર્શીઓના હવાલાથી આ સમાચાર આપ્યા છે. બેલગોરોડ વિસ્તારમાં એક રશિયન સૈન્ય કાફલો યુક્રેનની સરહદ તરફ આગળ વધતો જોવા મળ્યો હતો. રશિયન સૈનિકો યુક્રેનની સરહદ તરફ આગળ વધવાના સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે ખુદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સ્પષ્ટ કર્યું છે કે યુક્રેનમાં સૈનિકો મોકલવા અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.



રશિયાના રાષ્ટ્રપતિ પુતિને કહ્યું છે કે અમે હજુ સુધી યુક્રેનમાં સૈનિકો મોકલવાનો આદેશ આપ્યો નથી. પુતિને કહ્યું છે કે પરિસ્થિતિને જોતા સૈનિકોની તૈનાતી અંગે નિર્ણય લેવામાં આવશે. સેનાની તૈનાતી કરાર મુજબ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે યુક્રેન સાથેના વિવાદને ઉકેલી શકાય છે જો યુક્રેન નાટોમાં સામેલ ન થાય.

રશિયાની સેનાની આગળ વધવાના સમાચાર વચ્ચે અમેરિકાનું નિવેદન પણ આવ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે અમેરિકા નાટો બાલ્ટિકના સહયોગી દેશોને બચાવવા માટે સૈનિકો મોકલી રહ્યું છે. એવું કહેવામાં આવ્યું હતું કે રશિયા દ્વારા પૂર્વ સેક્ટરમાં વધુ સેના મુકવાના કારણે આવું કરવામાં આવી રહ્યું છે.

નાટો બાલ્ટિક દેશો એવા દેશો છે જે એક સમયે મોસ્કો દ્વારા શાસિત હતા. તેમાં એસ્ટોનિયા (એસ્ટોનિયા), લાતવિયા (લાતવિયા) અને લિથુઆનિયા (લિથુઆનિયા)નો સમાવેશ થાય છે. આ દેશો ૨૦૦૪ થી નાટો (નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન) અને યુરોપિયન યુનિયનનો ભાગ છે.

અમેરિકાએ રશિયા પર ઘણા પ્રતિબંધો પણ લગાવ્યા છે. બિડેને આ જાહેરાત કરી હતી. રશિયાની બે નાણાકીય સંસ્થાઓ પર પ્રતિબંધોની જાહેરાત કરતાં બિડેને કહ્યું છે કે રશિયા પશ્ચિમી દેશો સાથે વધુ વેપાર કરી શકશે નહીં. તેમણે કહ્યું કે પશ્ચિમી દેશો તરફથી રશિયાને મળનારી મદદ પણ બંધ કરવામાં આવશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે યુક્રેનને હથિયારોની સપ્લાય ચાલુ રહેશે.પોતાના સંબોધનમાં અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકી દળો નાટો સહયોગીઓની સુરક્ષા માટે મોકલવામાં આવી રહ્યા છે કારણ કે રશિયા પૂર્વમાં પોતાની હાજરી વધારી રહ્યું છે. તેમણે કહ્યું કે અમેરિકા નાટો સહયોગીઓની જમીનના દરેક ઈંચની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. વ્લાદિમીર પુતિન દ્વારા યુક્રેન પર લગાવવામાં આવેલા આરોપો અંગે બિડેને કહ્યું કે અમારામાંથી કોઈ મૂર્ખ નથી. પુતિન વધુ વિસ્તારો પર કબજો કરવા માટેનો આધાર તૈયાર કરવા બળનો ઉપયોગ કરી રહ્યા છે.

રશિયન સંસદે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને દેશની બહાર સૈન્યનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. મતલબ કે હવે યુદ્ધની શક્યતા અનેકગણી વધી ગઈ છે. યુદ્ધના સંકટ વચ્ચે પુતિને સ્પષ્ટપણે કહ્યું છે કે હવે આ મુદ્દાનો એકમાત્ર ઉકેલ એ જ હોઈ શકે છે કે યુક્રેન નાટોમાં જોડાવાનો ઈન્કાર કરે. યુક્રેન માટે હવે આનાથી વધુ સારું કંઈ હોઈ શકે નહીં.રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મંગળવારે કહ્યું કે જો યુક્રેન આ બાબતોને સ્વીકારે તો હુમલો ટાળી શકાય છે. પુતિને શરત મૂકી કે યુક્રેનને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિમિયાને રશિયાના ભાગ તરીકે માન્યતા આપવી જોઈએ. યુક્રેનની નાટોની સદસ્યતા પણ સમાપ્ત કરો અને તાત્કાલિક અસરથી ત્યાં હથિયારોની શિપમેન્ટ બંધ કરો.

રશિયન પ્રમુખ પુતિને કહ્યું કે યુક્રેનમાં સૈનિકોની તૈનાતી ‘‘જમીન પરની પરિસ્થિતિ’’ પર નિર્ભર છે. એટલું જ નહીં, જો યુક્રેન નાટોમાં સામેલ ન થવા પર વિચારણા કરતું નથી, તો અમારી સામે તમામ વિકલ્પો ખુલ્લા છે. પુતિને કહ્યું કે યુક્રેન શાંતિ સમજૂતી હવે પૂરી થઈ ગઈ છે. રશિયન કાઉન્સિલે વિદેશમાં રશિયન સશસ્ત્ર દળો મોકલવાની પુતિનની અપીલને સમર્થન આપ્યું છે. સાથે જ નાટો ચીફે કહ્યું કે રશિયા હવે યુક્રેન પર હુમલો કરવા માટે તૈયાર છે. તે મોટા હુમલાની યોજના બનાવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે રશિયાએ પૂર્વ યુક્રેનના બે રાજ્યોને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપી છે. થોડા કલાકો પછી, ૧૦ હજાર રશિયન સૈનિકો ટેક્ક અને સશસ્ત્ર વાહનો સાથે યુક્રેનના પૂર્વીય ક્ષેત્રમાં પ્રવેશ્યા.

ઉલ્લેખનીય છે કે, પૂર્વી યુક્રેનમાં ડોનેટ્સક અને લુહાન્સ્ક પહેલાથી જ રશિયન સમર્થકોના કબજામાં હતા. તેથી, હવે રશિયન સેના યુક્રેનની સરહદથી આગળ વધીને અંદર બેઠી છે. જેના કારણે યુદ્ધનો ખતરો વધી ગયો છે. યુદ્ધના ભણકારા વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિએ દેશને સંબોધન કરીને રશિયાને ગર્ભિત ચેતવણી આપી છે અને કડક આર્થિક પ્રતિબંદો લાદ્યા છે. યુએસએ પોતાનું વલણ સાફ કરી દીધું છે જો રશિયા હુમલાો કરશે તો તેને ગંભીર પરિણામ ભોગવવા પડશે.રશિયા-યુક્રેન સંકટ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડને સંબોધન કર્યુ છે. યુક્રેન-રશિયા વચ્ચે ચાલી રહેલા તણાવ પર બાઈડેને કહ્યું કે સ્થિતિ પર અમારી નજર છે. સ્થિતિનું આકલન કર્યા બાદ અમે પગલા ભરવા જઈ રહ્યાં છીએ.

અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યુ કે, અમારા તરફથી રક્ષાત્મક પગલા ઉઠાવવામાં આવી રહ્યાં છે. બે રશિયન નાણાકીય સંસ્થાઓ પર પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરતા બિડેને કહ્યુ કે રશિયા, પશ્ચિમી દેશોની સાથે વધુ વ્યાપાર કરી શકશે નહીં. અમારી પાસે અનેક પગલા છે, જે ભરવામાં આવશે. તેમણે કહ્યું કે, પશ્ચિમી દેશો પાસેથી મળનારી સહાયતા પર પણ પ્રતિબંધ લગાવવામાં આવશે.

## ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર, ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી પરીક્ષા યોજાશે

ગાંધીનગર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની જાહેરાત કરવામાં આવી છે. ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી પરીક્ષા યોજવામાં આવશે. આ વર્ષે ધોરણ-૧૦માં પ્રથમ વખત ગણિતની ૨ પરીક્ષા અલગ અલગ દિવસે લેવાશે, જેમાં ૩૦ માર્ચે બેઝિક ગણિત અને ૩૧ માર્ચે સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા લેવાશે. આ વખતે ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપશે.

કોરોનાના કેસોમાં ઉછાળો આવતા સરકાર દ્વારા ધો. ૧૦ તથા ૧૨ બોર્ડ અને ધો. ૯થી ૧૧ની વાર્ષિક પરીક્ષા બે અઠવાડિયા સુધી પાછળ લઈ જવાનો નિર્ણય કર્યો હતો. જેથી અભ્યાસક્રમ પૂરો કરી શકાય તેમજ વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તૈયારી કરવા માટે વધારે સમય મળી શકે. જેના કારણે હવે ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૪ને બદલે ૨૮ માર્ચથી શરૂ થશે. સાથે જ ઉનાળું વેકેશન પણ પાછું ખસેડાયું છે. નોંધનીય છેકે કોરોનામાં રાહત થતા હવે આ વરસે બોર્ડની પરીક્ષા ઓફલાઈન યોજવામાં આવશે

આધારભૂત સુત્રના જણાવ્યા પ્રમાણે ધોરણ ૧૦માં અદાજીત ૯.૭૦ લાખની આસપાસ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૪ લાખ ૨૨ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે. જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧ લાખ જેટલા ફોર્મ ભરાયા છે.

## યુપીમાં ચોથા તબક્કામાં ૬૨.૪૫% મતદાન, સૌથી વધુ ૬૨.૪૫% લખીમપુર ખીરીમાં

લખનૌ,

યુપી વિધાનસભાના ચોથા તબક્કામાં આજે ૯ જિલ્લાની ૫૯ સીટ પર મતદાન થયું હતું. ચોથા તબક્કામાં સરેરાશ ૬૨.૪૫ ટકા મતદાન થયું છે તેમાં સૌથી વધુ ૬૨.૪૫ ટકા વોટ લખીમપુર ખીરીમાં પડ્યા છે. ઉન્નાવની મોહાન વિધાનસભાના મલ્જા ગામમાં લગભગ ૭ કલાક પછી વોટિંગ શરૂ થયું હતું ગામના લોકો રસ્તો ન બનવાના કારણે નારાજ હતા અને મતદાનનો બહિષ્કાર કર્યો હતો જો કે ડીએમ અને એસપીએ તેમને સમજાવ્યા બાદ ફરીથી મતદાન શરૂ થયું હતું.

લખીમપુરના બૂથ નંબર ૮૫ પર મોકપોલ દરમિયાન કોઈ પણ બટન દબાવો એટલે કમળ જ આવતુ હતું. તેના પગલે મતદાનને બે કલાક સુધી બંધ કરવામાં આવ્યું હતું. મામલો પ્રકાશમાં આવ્યા પછી અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને નવા ઈવીએમ મશીન આપ્યા હતા. તે પછી ૮.૫૫ વાગ્યાથી મતદાન ફરીથી શરૂ થયું છે.

સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં ૨.૧૩ કરોડ મતદારો ૬૨૪ ઉમેદવારોના નસીબનો નિર્ણય કર્યોહતો તેમાંથી ૯૧ મહિલા ઉમેદવારો હતાં. સવારે ૮ વાગ્યા પહેલા બસપા સુપ્રીમો મયાવતીએ લખનઉ, બીજેપી નેતા અદિત સિંહે રાયબરેલી સદર અને સાક્ષી મહારાજે ઉન્નાવમાંથી મતદાન કર્યું છે. ઉલ્લેખનીય છે કે યુપીમાં અત્યારસુધી ત્રણ તબક્કામાં ૧૭૨ સીટ પર વોટિંગ થઈ ચૂક્યું છે.

રાજ્યમાં ચોથા તબક્કામાં નિષ્પક્ષ અને શાંતિપૂર્વક મતદાન યોજાય એ માટે (અનુ.પાના.નં.૨)




# સંતરામપુર ગોધરા ભાગોળ વિસ્તારમાં વીજપોલ દુર કરવા વીજ કંપની અને પાલિકાની એકબીજા ઉપર ખો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરના નડતરરૂપ ગોધરા ભાગોળ વિસ્તારના વીજ પોલ દૂર કરવા માટે સરકારી તંત્રની ઉદાસીનતા સરકારી કામગીરી કરવા માટે સરકારી તંત્ર મધ્ય ગુજરાત વીજ કંપની અને નગરપાલિકા એકબીજાના ઉપર ઢોળે છે પરંતુ નગરમાંથી નડતરરૂપ વીજ પોલ દૂર કરવા તૈયાર જ નથી. ગોધરા ભાગોળના વિસ્તારમાં વારંવાર ટ્રાફિક સમસ્યાનો સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો હતો. તેના અનુસંધાનમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સાત વર્ષ અગાઉ ગોધરા ભાગોળ માંથી રોડની વચ્ચે મૂકવામાં આવેલી ટ્રાન્સપોર્ટ દૂર કરી દેવામાં આવેલા હતા અને બીજી સાઈડ ઓમાન તેને ફીટીંગ કરવામાં આવેલી હતી, પરંતુ આજે ઘણો સમય વીતવા આવ્યો છતાંય બિન ઉપયોગી અને બિનજરૂરી રોડની સાઈડમાં આશરે આઠ વર્ષ જેટલા સમય વિતવા છતાંય અને આ વીજ પોલ તેની જરૂર નથી. તેમ છતાંય હજુ સુધી સરકારી તંત્ર દ્વારા તેને દૂર કરવા તૈયાર જ નથી. આના કારણે નગરમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યાનો પ્રશ્નો ઉભો થયેલો છે. આ જગ્યાએ દિવસ દરમિયાન આના કારણે વારંવાર ટ્રાફિક સમસ્યાઓ વધતી જાય છે. સરકારી તંત્ર નવી કામગીરી કરવામાં સરકારી તંત્ર દ્વારા અંદર ની અંદર તું તો મેં મેં કરે છે, પરંતુ આ નડતરરૂપ વીજ પોલ હટાવવા માટે મધ્ય ગુજરાત વીજ કંપની અને નગરપાલિકાની આળસ અને નફફટાઈ દેખાઈ રહી છે. સ્થાનિક રહીશોએ અનેકવાર આ અંગેની રજૂઆત કરવા છતાંય પરંતુ આવી સામાન્ય બાબતને ધ્યાને લેવા કે કામગીરી કરવા સરકારી તંત્ર તૈયાર જ નથી. સરકારી તંત્ર કોના ઈશારે અને કોના કહેવાથી નગરના અંદર નડતરરૂપ થાંભલાઓ કેમ હટાવતા નથી. સંતરામપુર નગરમાં સ્થાનિક રહીશોમાં ચર્ચાનો વિષય બન્યો છે. વારંવાર ટ્રાફિક સમસ્યાના કારણે પસાર થતા રાજ્યો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે, પરંતુ કામગીરી કરવા તૈયાર જ નથી. સંતરામપુર નગરમાં અધિકારીઓને સરકારી તંત્રો સ્થાનિક રહીશોની સમસ્યાનો પ્રશ્ન હલ કરવા તૈયાર જ નથી.

# મહીસાગર જિલ્લામાં કૃષિ, ખેડૂત અને સહકાર વિભાગ દ્વારા સ્માર્ટ ફોન યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત અને સહકાર વિભાગ દ્વારા આયોજિત સ્માર્ટ ફોન યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ લુણાવાડા ખાતે કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર ડૉ.મનીષકુમારની અધ્યક્ષતામાં અને લુણાવાડા ધારાસભ્ય જીગનેશભાઇ સેવકની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કલેક્ટર કચેરી લુણાવાડા ખાતે ઉપસ્થિત મહાનુભાવો તથા ખેડૂત મિત્રોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમનું જીવંત પ્રસારણનું નિહાળ્યું હતું.

મુખ્યમંત્રીએ ધરતીપુત્રોને પ્રેરક ઉદબોધન કરતાં જણાવ્યું કે રાજ્ય સરકારે ખેડૂતોને આ હેતુસર સ્માર્ટ મોબાઈલ ફોન ખરીદી માટે સહાય આપવાનો ઉદાત્ત અભિગમ અપનાવ્યો છે. આ સ્માર્ટ ફોન ધરતીપુત્રો માટે અત્યંત ઉપકારક બની રહેશે. ખેડૂતને હવે વિવિધ સહાય–લોન માટે, વાતાવરણનો વર્તારો જાણવા, ખાતર–બિયારણ પાક પદ્ધતિ જેવી વિગતો અને માહિતી માટે ખેતર છોડી ક્યાંય જવું પડશે નહિ, પોતાના ખેતરમાં બેઠાં જ તેને એટ વન કલીક આ બધી સુવિધા સ્માર્ટ ફોનમાં હાથવગી થશે. ખેડૂતોને ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગથી દવા છંટકાવ સહિતની કૃષિવિષયક પદ્ધતિ તથા પ્રાકૃતિક ખેતીના વધુને વધુ ઉપયોગથી ઝીરો બજેટ–રસાયણમુકત ખેતી તરફ વળવા પણ આહવાન કર્યુ હતું.

જિલ્લા કલેક્ટર ડૉ.મનીષકુમારે જણાવ્યું હતું કે, ખેડૂતો સ્માર્ટ ફોનનો ઉપયોગ ખેતી વિષયક કામગીરી માટે કરશે તેના થી સ્માર્ટફોનના માધ્યમથી ખેડુતો સરકારની સહાય યોજનાઓમાં ઓનલાઈન અરજી, હવામાનનું પૂર્વાનુમાન, APMCના ભાવોની જાણકારી, અદ્યતન વૈજ્ઞાનિક ખેત પદ્ધતિઓની જાણકારી જેવા હેતુઓ સાથે સરકાર દ્વારા ચાલુ વર્ષે સૌ પ્રથમ વાર આ સહાય અમલમાં મુકવામાં આવેલ છે.

રાજ્યના ખેડૂતોને સ્માર્ટફોન સહાય કાર્યક્રમ અન્વયે મહિસાગર જિલ્લાના ૧૭૨ ખેડૂતોને રૂ.૯.૭૫ લાખના સહાય હુકમો વિતરણ કરવામાં આવ્યા.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી સુમિત પટેલ, તેમજ ખેતીવાડી વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ સહિત લાભાર્થી ખેડૂત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા ખાતે વિશ્વ માતૃભાષા દિવસ અંતર્ગત યોજાયેલ

# એક સાંજ માતૃભાષાને નામ કાર્યક્રમ દરમિયાન પોતાના હસ્તાક્ષર માતૃભાષામાં કરી ગૌરવ અનુભવતા સાહિત્યકારો અને સાહિત્ય રસિકો

લુણાવાડા,
ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મહીસાગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઢળતી સંધ્યાએ લુણાવાડા ખાતેની કન્યા શાળામાં એક સાંજ માતૃભાષાને નામ કાર્યક્રમ યોજાઇ ગયો.

આ કાર્યક્રમમાં પદ્મ અને જાણીતા સાહિત્યકાર પ્રવિણભાઇ દરજીએ અધ્યક્ષસ્થાનેથી જીવનમાં માતૃભાષાનું મહત્વ સમજાવી માતૃભાષાને ટકાવી રાખવા માટે વિવિધ સૂચનો કરી ગુજરાતી માતૃભાષાને ટકાવી રાખવા ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. દરજીએ વધુમાં ગુજરાતી માતૃભાષાને ટકાવી રાખવા માટે ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને બિરદાવી સરકારના નવા નિયમોને આવકાર્યા હતા.

એક સાંજ માતૃભાષાને નામ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સાહિત્યકારો, કવિઓ અને સાહિત્ય રસિકોને પોતાના હસ્તાક્ષર પણ ગુજરાતીમાં કરવાની હાંકલ કરવામાં આવી હતી અને કાર્યક્રમ દરમિયાન સૌએ પોતાના હસ્તાક્ષર પોતાની માતૃભાષા ગુજરાતીમાં કરીને ગૌરવા અનુભવ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિડિયોના માધ્યમથી માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી. જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ વિષ્ણુભાઇ પંડયાએ સમગ્ર ગુજરાતના ૩૩ જિલ્લાઓના ૫૧ સ્થળોએ આયોજિત વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી અંતર્ગત યોજવામાં આવેલ કાર્યક્રમ દરમિયાન ગુજરાતી માતૃભાષાના મહિમાગાનને એકસૂત્રતાના તાંતણે બાંધીને માતૃભાષાનું મહિમાગાન કરી પ્રેરક સંદેશો પાઠવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કવિગણ પદ્મ પ્રવિણભાઇ દરજી, સુરેન્દ્રભાઇ કડિયા, કિશોર જીકાદરા, કલ્પેશભાઇ પટેલ, પિયુષ પરમાર, ત્રિલોક મહેતા, તખ્તસિંહ સોલંકી, ઝલક પટેલ અને નરેન્દ્રભાઇ જોશીએ પોતાની સ્વરચિત કૃતિઓ રજૂ કરીને સૌના મન મોહી લીધા હતા જેને ઉપસ્થિત સૌ સાહિત્યકારો અને સાહિત્ય રસિકોએ મોડી સાંજ સુધી મનભરીને માણી હતી.

પ્રારંભમાં લુણાવાડા સાહિત્ય સભાના અધ્યક્ષ અને સમારોહના સંયોજક નરેન્દ્રભાઇ જોશીએ સૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા આપી પોતાના તમામ કાર્યો ગુજરાતીમાં જ લખવા અને કરવાનું જણાવી ગુજરાતી હોવાનો ગર્વ અનુભવવા જણાવ્યું હતું.

# દિવડાકોલોની ખાતે સિવિલ કોર્ટ અને સ્ટાફ કવાટર્સ માટે જમીન ફાળવાઈ

દિવડાકોલોની,
કડાણા ખાતે સિવિલ કોર્ટનુ નવુ મકાન, સિવિલ જજ તથા સ્ટાફ કવાટર્સ બનાવવા માટે જમીનની માંગણી સિંચાઇ વિભાગ પાસે કરાઈ હતી. કડાણા યોજના વર્તુળ કચેરી દ્વારા આ માટે જરૂરી જમીન ફાળવી આપી હતી. આ ફાળવાયેલ ૪૨૯૮ ચો.મી.જમીન હેતુફેર કરવા બાબતની દરખાસ્તને સરકાર દ્વારા મંજુરી પણ આપવામાં આવી હતી. હવે આ જમીનમાં હેતુફેર કરવા શરતોને આધિન મહિસાગર જિલ્લા કલેકટર તાજેતરમાં હુકમ કરવામાં આવેલ છે. આમ દિવડાકોલોની ખાતે કોર્ટ બિલ્ડિંગ, સિવિલ જજ અને સ્ટાફ માટે કવાટર્સ માટે આગામી બજેટમાં સમાવેશ કરીને જરૂરી મંજુરી આપે તે અંગે પણ ઉચ્ચસ્તરે રજુઆતો થયેલ છે.

# મોરવા તાલુકાના નવાગામનો માર્ગ બિસ્માર થતાં વાહન ચાલકો પરેશાન



મોરવા(હ),
પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકામાં નવાગામનો રસ્તો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે ગ્રામજનો રસ્તાની સુવિધા થી વંચિત રહ્યા છે. આશરે આઝાદી પછી આ નવાગામે એક જ રસ્તો બન્યો હતો ત્યાર પછી હજુ સુધી આ રસ્તાની કામગીરી હાથ ધરવામાં નથી. આવેલી અને આના કારણે ગ્રામજનો અને પસાર થતા વાહનચાલકો ભારે મુશ્કેલી બેઠેલા છે. આવા બિસમાર રસ્તાના કારણે વારંવાર અકસ્માત સર્જાતા હોય છે. વાહનચાલકો આવી કાળઝાળ મોંઘવારીમાં ઉબડખાબડ રસ્તાના કારણે ઈંધણ વધારે વપરાતું હોય છે. કિટલીકવાર તો રસ્તો ખરાબ હોવાના કારણે વાહનચાલકો પોતાનું વાહન એક જગ્યા મૂકીને પોતાના ઘરે એક કિલોમીટર ચાલીને જાય છે. ગ્રામજનો વસ્તુ બનાવવા માટે ઉચ્ચ કક્ષાની અને પંચાયત વિભાગમાં રજૂઆત કરવા છતાં રસ્તાથી સુવિધાથી વંચિત રાખેલા છે. ચોમાસા દરમિયાન ઉપર જઈ શકાતું નથી મોટા મોટા ખાડાઓ અને સાઈડમાં પડી જવાનો ભય ભીતિ સેવાઈ રહી છે. આવા બિસમાર રસ્તાના કારણે ગ્રામ્ય વાહનચાલકો હદ વગરનો મુશ્કેલી વેઠી રહેલા છે. રસ્તાની સુવિધા ન હોવાના કારણે ગ્રામજનોમાં ભારે ઉદાસીનતા જોડાયેલી છે. આવનારા સમયમાં જો રસ્તાની સુવિધા નહીં મળે તો નવો રસ્તો નહીં બને તો અમારી વિધાનસભાની ચૂંટણીમાં બહિષ્કાર કરવાનું આચાર્યનું છે અને આંદોલનની ચીમકી આપી હતી વહેલી તકે રસ્તો બનાવે અને નવા રસ્તાની સુવિધા મળી સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકો ની માંગણી ઊભી થઈ છે.

# આજે યોજાશે લુણાવાડા ખાતે મહીસાગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો

લુણાવાડા,
ગરીબોના બેલી માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સુશાસનના સંકલ્પ સાથે, જનકલ્યાણના સેવા યજ્ઞ માટે સમર્પિત મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સતત કાર્યશીલ ગુજરાત સરકાર દ્વારા ગરીબી નિવારણ માટે આજે તા. ૨૪/૨/૨૦૨૨ના રોજ સવારના ૯–૦૦ કલાકે લુણાવાડા ખાતે સંતરામપુર રોડ ઉપર આવેલ પી.એન.પંડયા સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ ગ્રાઉન્ડ ખાતે રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદિપસિંહ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે.

આ ગરીબ કલ્યાણ મેળામાં નોંધારાનો આધાર બનેલી ગુજરાત સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો ગરીબોને સીધેસીધા તેમના હાથોહાથ મંત્રી પ્રદિપસિંહ પરમાર તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આપવામાં આવશે.

આ પ્રસંગે સાંસદ, ધારાસભ્યઓ, જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખઓ, નગરપાલિકાના પ્રમુખઓ પણ ઉપસ્થિત રહેશે.

લુણાવાડા ખાતે યોજાનાર આ જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાની તૈયારીઓ મહીસાગર–લુણાવાડાના કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીની માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરી દેવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની અનેકવિધ લોક કલ્યાણની યોજનાઓનો સીધો લાભ જરૂરિયાતમંદોને આપવા માટે ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દાહોદ ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાશે.

# આઝાદીના અમૃત મહોત્સવ પર વિશેષ જનસંપર્ક યોજાયો

ગોધરા,
સ્વતંત્રતા સંગ્રામ અને સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે જાણકારી આપી લોકોમાં રાષ્ટ્રભાવનાનો સંચાર કરવાના ઉદ્દેશય સાથે દેશભરમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી થઇ રહી છે. જેના ભાગરૂપે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફીલ્ડ આઉટરીચ બ્યૂરો, ગોધરા દ્વારા પંચમાલ જીલ્લાના શહેર, તાલુકાના ગામ પાદરડીમાં વિશેષ જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પાદરડી ઉચ્ચતર માદયમિક વિદ્યાલય એજયુકેશન ટ્રસ્ટના અધ્યક્ષ અરવિંદ બારીયાએ સ્વચ્છ ભારત અભિયાન પર સવિસ્તૃત માહીતી આપી ભારતને સ્વચ્છ અને સ્વસ્થ બનાવા અનુરોધ કર્યો. ક્ષેત્રીય લોક સંપર્ક બ્યૂરો, ગોધરાના કાર્યાલય પ્રમુખ સંજય શાહએ અમૃત મહોત્સવ ઉજવણીના પાંચ સ્તંભો આઝાદીનો સંઘર્ષ, ૭૫ વર્ષે વિચારો, ૭૫ વર્ષે સિદ્ધિઓ, ૭૫ વર્ષે કાર્યો અને ૭૫ વર્ષ આપણા સંકલ્પો વિશે વિસ્તૃત જાણકારી આપવાની સાથે સરકારની વિભિન્ન યોજનાઓ અને અભિયાનો વિષયક જાણકારી તેમજ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત પાદરડી વિદ્યાલયના આચાર્ય એ આઝાદીની જુદીજુદી ચળવળ સાથે સ્વતંત્રતા સંઘર્ષ વિશેષ જાણકારી આપી દેશમાં ઉજવાઇ રહેલા આઝાદીના અમૃત મહોત્સમાં જન–જને પોતાની ભાગીદારી આપી આ મહોત્સવને સફળ બનાવવા અપીલ કરી.

કાર્યક્રમમાં પાદરડી આરોગ્ય વિભાગમાંથી પધારેલ જયેશ શાહએ કોરોના રસીકરણ જાગૃતા પર સવિસ્તૃત માહિતી આપી દેશમાં શરૂ થયેલ ૧૫ થી ૧૮ વર્ષના કિશોરોના રસીકરણ કાર્યક્રમ તેમજ બુસ્ટર ડોઝ વિશે પણ જાણકારી પુરી પાડી સૌને રસી લેવા માટે અપીલ કરી હતી.

ક્ષેત્રીય લોક સંપર્ક બ્યૂરો, ગોધરા દ્વારા આયોજીત અમૃત મહોત્સવ વિશેષ જનસંપર્ક કાર્યક્રમમાં પ્રશ્નમંચ સ્પર્ધા તેમજ સુત્ર સ્પર્ધાનું આયોજન કરી વિજયી સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે સામુહિક સ્વચ્છતા શપથ લઇ કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો હતો.

# પંચમહાલ જિલ્લામાં કોરોનાનાં ૨ નવા કેસો નોંધાયા

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણનાં નવા કેસની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. નવા મળતા કેસોની સંખ્યા આજે ૦૨ નોંધાઈ છે. શહેરી વિસ્તારોમાંથી આજે એક પણ નવો કેસ મળ્યો નથી. જ્યારે કુલ ૦૭ વ્યક્તિઓને સાજા થવાનાં પરિણામે રજા આપવામાં આવી છે. શહેરા ગ્રામ્યમાંથી ૦૧ કેસ અને મોરવા હડફ ગ્રામ્યમાંથી ૦૧ કેસ મળી આવ્યો છે. યાદીમાં જણાવ્યા અનુસાર આજે ૧૮થી વધુ વયની ૩૩૨૪ વ્યક્તિઓને કોવિડ–૧૯ પ્રતિરોધક રસી આપવામાં આવી હતી. હાલમાં જિલ્લામાં કુલ ૨૩ સક્રિય દર્દીઓ છે.

# કાલોલ ખંડોડી અને ગીરધરપુરી ગામની સીમમાં તમાકુંના ઉભા પાકમાં નીલ ગાયોનું તાંડવ

કાલોલ,
કાલોલ તાલુકાના ઘણા બધા ગામડાઓ ખેતી ઉપર નભતા હોય છે. કાલોલના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ શિયાળું, બાજરી, મકાઈ, તમાકું જેમાં રોકડીયા પાકોનું વાવેતર કરવામાં આવતું હોય છે. પરંતુ ખેડુતોની તનતોડ મહેનત સામે નીલ ગાય, સાવડ ભુંડોના ત્રાસને કારણે ખેડુતો હેરાન પરેશાન થઈ જતા હોય છે. જ્યારે કેટલાક ખેડુતોને જંગલી રખડતા પ્રાણીઓને કારણે ઉભા પાકના રમણભમણ કરી નુકશાન પહોંચાડતા અને રાત દિવસ એક કરી કરેલ મહેનત ઉપર પાણી ફરી જતું હોય છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના ખેડુતો દ્વારા લાગતા વળગતા તંત્રને આ અંગે વારંવાર રજુઆત કરવા છતાં કોઈપણ પ્રકારની કામગીરી ન થતા ખેડુતોમાં ઉદાસીનતા જોવા મળી રહી છે.

## (પાન નં.૧ નું ચાલુ)

### યુપીમાં ચોથા તબક્કામાં.....

૮૯૦ કંપનીના અર્ધસૈનિક સુરક્ષા દળને ગોઠવવામાં આવ્યા હતાં, એમ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અજય કુમાર શુક્લાએ માહિતી આપી હતી. બસપા સુપ્રીમો માયાવતીએ લખનઉની મ્યુનિસિપલ નર્સરી સ્કૂલ પોલિંગ બૂથ પર મતદાન કર્યું હતું. ૧૩,૮૧૭ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યાં હતાં.આ પૈકી ૮૭૪ આદર્શ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યાં હતાં, જ્યારે ૧૪૨ બૂથ પર તમામ મહિલા કર્મચારી ફરજ બજાવી હતી.

અગાઉ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં આ નવ જિલ્લામાં કુલ ૫૫.૩૧ ટકા મતદાન થયું હતું, જ્યારે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૫૮.૨૪ ટકા મતદાન થયું હતું. કોવિડ-૧૯ની સ્થિતિને ધ્યાનમાં રાખી મતદાન દિવસે પોલિંગ બૂથ પર થર્મલ સ્કેનર, હેન્ડ સેનિટાઈઝર, ગ્લવ્ઝ, ફેસ માસ્ક, ફેસ શીલ્ડ, પીપીઈ કિટ, સાબુ, પાણી વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી ઉન્નાવના ૧૨ મતદાન કેન્દ્ર પર ઈવીએમ અને વીવી પેટ ખરાબ હોવાથી મતદાન પ્રભાવિત થયું હતું.લખનઉ પશ્ચિમ વિધાનસભાની ગિરધારી સિંહ ઈન્ટર કોલેજમાં મતદાન માટે પ્રાથમિક વ્યવસ્થાન હોવાથી મતદારોએ હંગામો કર્યો હતો.દિવ્યાંગો માટે વ્હીલચેર પણ ન હતી.

આ ચોથા તબક્કામાં યોગી સરકારના ૪ મંત્રી સહિત અને દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. લખનઉ કેન્ટથી કાયદામંત્રી બૃજેશ પાઠક અને મંત્રી આશુતોષ ટંડન લખનઉ પૂર્વથી ચૂંટણીના મેદાનમાં છે. ફતેહપુર જિલ્લાની હુસેનગંજ વિધાનસભા સીટથી રણવેન્દ્ર પ્રતાપ ઉર્ફે ધુન્ની સિંહ અને સહયોગી પાર્ટી અપના દલ (એસ)ના ક્વોટાથી મંત્રી જયકુમાર જેકી બિંદકીથી કિસ્મત અજમાવી રહ્યા છે. ગાંધી પરિવારના ગઢ રાયબરેલી સદરથી કોંગ્રેસ છોડીને ભાજપામાં એન્ટ્રી કરનારા અદિતિ સિંહ મેદાનમાં છે.

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું મહેલોલના વાઘેશ્વરી મંદિરે આયોજન કરાયું



મહેલોલ,
શ્રી જય અંબે પગપાળા સંઘ, શ્રી બાળ હનુમાન સુંદરકાંડ પરિવાર મહેલોલ તથા સૌ ભકત મંડળના તથા દાતાઓ, યજમાનો અને ભાવિક ભકતોના સાથ સહકાર. સહયોગ દ્વારા શ્રી ચેતન કુટિર આશ્રમ, શ્રી વાઘેશ્વરી મંદિર, મહેલોલની મેશરી નદીના કિનારે તા.૨૩–૦૨–૨૨ થી તા.૦૧–૦૩–૨૨ સુધી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ નું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ પર આંતરરાષ્ટ્રીય કથાકાર શ્રી અભય બાપુ બિરાજમાન થઈ સંગીતમય શૈલીમાં અનોખું, અલૌકિક, અલભ્ય કથાનું રસપાન કરાવશે. વધુ ભાવિક ભકતોને પધારવા હાર્દિક આમંત્રણ છે. ભાગવત કથા દરમ્યાન શ્રી વામન અવતાર, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, શ્રી ગોવર્ધન પૂજા, શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ. સુદામા ચરિત્ર, પરિક્ષિત મોક્ષ.... જેવા પ્રસંગો ઉજવાશે. શ્રી વાઘેશ્વરી મંદિર ખાતે દરરોજ રાત્રે ૯.૦૦ કલાકે સંતવાણી અને ડાયરો.ભજનો વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૫–૦૨–૨૨ના રોજ શ્રી જીતુભાઇ દ્વારકાવાળા, (હાસ્ય કલાકાર) નો પણ કાર્યક્રમ છે. તા. ૦૨–૦૩–૨૨ ના રોજ હોમાત્મક લઘુ રૂદ્ર અને મહા ભંડારો યોજાશે.

શ્રીમદ્ ભાગવત કથાની શોભાયાત્રા મહેલોલના રમણભાઈ પટેલના નિવાસસ્થાને થી શરૂ થઈ હતી અને પોથી યાત્રાના યજમાન નેહાબેન નવીન કુમાર પટેલ દ્વારા પોથી લઈ શોભાયાત્રામાં શોભાયમાન થયા હતા. પોથી યાત્રામાં મહેલોલ થી વાઘેશ્વરી મંદિર સુધી અનેક ભાવિક ભકતોની ઉપસ્થિત રહી હતી.

શોભાયાત્રામાં કથાકાર શ્રી અભય બાપુ. સંતશ્રી પ્રિયવંદનીજી,સંતરામ મંદિર. નડિયાદના મહારાજ શ્રી સર્વેસ્વરદાસજી, શ્રી કૌશિકભાઇ મહારાજ, કે.ઓ.શાહ હસમુખભાઈ એમ.શાહ શ્રી કૃષ્ણ ગોપાલ મુખ્યાજી મહેલોલ, રમણભાઈ પટેલ, દર્પણ શાહ, રાકેશ દરજી. કિરણ પટેલ, ભુપેન્દ્ર પટેલ, પ્રજ્ઞેશ દરજી, અને અનેક ભાવિક ભકતો, બહેનો વગેરે શોભાયાત્રામાં ઉપસ્થિત રહ્યા હતા. વાઘેશ્વરી મંદિરે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાના પ્રારંભે શ્રી સંતરામ મંદિરના મહંત પૂ.શ્રી સર્વેસ્વરદાસજી ના કર કમલો દ્વારા દીપ પ્રાગટ્ય કરાવવામાં આવ્યું હતું. અને શુભેચ્છા સંદેશ પાઠવી ગ્રામ્ય અંતરિયાળ વિસ્તારમાં આવા સુંદર આયોજન માટે ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં. પ.પૂ. બ્રમલીન મહંત શ્રી ચેતનદાસજી મહારાજજીની સાતમી પુણ્ય તિથિ નિમિત્તે તા. ૨૭–૦૨–૨૨, રવિવારે સવારે સમૂહ બાળવાળ સવારે ૧૧–૧૫ કલાકે તથા બપોરે ૧૨–૧૫ કલાકે પાદુકા પૂજન, ગોવર્ધન પૂજા., અન્નકૂટ નું આયોજન કરવામાં આવ્યું છે.

ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ના યજમાનો., અતિથિ વિશેષશ્રીઓ, દાતાઓ તથા સૌ ભાવિક ભકતોનો તથા તન. મન. ધનથી સાથ સહકાર આપનાર સૌનો નિમંત્રકો દ્વારા ખૂબ ખૂબ આભાર. મહેલોલ અને આજુબાજુના ગામો સહિત સમગ્ર ભાવિક ભકતોને વાઘેશ્વરી મંદિરે પધારવા હાર્દિક નિમંત્રણ આયોજકો દ્વારા પાઠવવામાં આવે છે.

# આપની આજ.......

મેષ : મેષ રાશિના જાતકો માટે માળનું આ ગોચર કરિયર માટે શુભ માનવામાં આવી રહ્યું છે, પરંતુ તમે એ ઉપલબ્ધિઓથી સંતુષ્ટ નહિ થાવ. જોકે આ દરમિયાન તમારે પોતાના કાર્યસ્થળ પર વધારે સતર્ક રહેવાની જરૂર છે.

વૃષભ : વૃષભ રાશિના જાતકો માટે વ્યવસાયના સંબંધમાં લાભ મેળવવાનો આ એક સારો સામાય સાબિત થશે. આ દરમિયાન તમારી સમાજમાં સ્થિતિ પણ વધશે.

મિથુન : મિથુન રાશિના જાતકો માટે આ અવધિ આર્થિક રૂપથી સ્થિર તથા સુરક્ષિત રહેવાની છે. જોકે આ દરમિયાન રોકાણથી બચવાની સલાહ આપવામાં આવે છે. અન્યથા તમને નુકસાન થઈ શકે છે. આર્થિક રૂપથી ભૂતકાળમાં કરેલ કોઈન રોકાણથી લાભ પ્રાપ્ત થશે.

તુલા : પોતાના પ્રયાસોમાં કોઈપણ અછત ન રાખો કેમકે આ અવધિ દરમિયાન તમને વેતન વૃદ્ધિ, પદોન્મતી, ઈનામ, માન સમ્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

વૃશ્ચિક : આ દરમિયાન તમે તમારી મહેનત તથા પ્રયાસથી જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા મેળવવામાં કાબેલ રહેશો. જોકે તમને સલાહ છે કે કોઈપણ કાનૂની મસલામાં ન પડશો.

કુંભ : આ દરમિયાન તમારા વરિષ્ઠ લોકોનો વ્યવહાર તમારા પ્રતિ કઠોર હોઈ શકે છે. આવામાં આ દરમિયાન સફળતાનો મંત્ર કેવળ તમારી મહેનતથી જ સિદ્ધ થશે.

મીન: આ અવધિ દરમિયાન, તમારે મિત્રો, સ્વાસ્થ્ય તથા ભાગ્યનો ભરપૂર સાથ મળશે, જેનાં દમ પર પોતાના જીવનની દરેક મુશ્કેલીને પાર કરવામાં તમે સક્ષમ બનશો.

કર્ક : આ સમય અવધિ દરમિયાન, પોતાના કામ પર લોકો સાથે કોઈપણ પ્રકારની દલીલોથી બચો. કેમકે શક્ય છે કે આ દરમિયાન તમારા વરિષ્ઠ તમારાથી ખૂબ ખુશ ન હોય. નવો પ્રોજેક્ટ શરુ ન કરશો.

સિંહ : આ અવધિ દરમિયાન, તમે કોઈ કાનૂની પચડામાં ફંસાઈ શકો છો. કરિયરના મોરચા પર મોકીમાં તમારું પ્રદર્શન ધીરે ધીરે સારું થશે તથા સફળતા પ્રાપ્ત કરવાની દિશામાં તમારા પ્રયાસો સફળ જશે.

કન્યા : આ અવધિ દરમીયાનક કરિયરમાં ચુનોતીઓનો સામનો કરવો પડી શકે છે. તમારે પડોન્મતી તથા વેતન વૃદ્ધિમાં સમય લાગવાની આશંકા છે.

ધનુ : ઘરના સદસ્યો સાથે સંપત્તિ સંબંધિત કોઈ વિવાદોનો સામનો કરવો પડી શકે છે. આવામાં સલાહ આપવામાં આવે છે કે પોતાની વાણી પર સંયમ રાખો તથા કોઈ વિષે ખરાબ ન બોલો તથા સાથે જ સારો વ્યવહાર રાખો.

મકર : આ દરમિયાન, તમારો સ્વભાવ થોડો આક્રમક થઈ જશે એટલે તમારે શાંત તથા ધૈર્યવાન રહેવાની જરૂર છે. પારિવારિક જીવનમાં તણાવનો સામનો કરવો પડી શકે છે કેમકે તમારો ગુસ્સો આ સમય દરમિયાન હદ થી વધારે રહેવાનો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદના ઉસરવાણના યુવકે મિત્રોની મદદથી જાલચના યુવકનું અપહરણ બાદ કરી હત્યા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે એક યુવકે પોતાના બે મિત્રોની મદદ લઈ પોતાની બહેનના પ્રેમીને મોતને ઘાટ ઉતારવા આગોતરૂં આયોજન કરી યુવકને પોતાના બે મિત્રોની મદદથી બુલેટ મોટરસાઈકલ પર બેસાડી એક ગેરેજમાં લઈ જઈ તેને લોખંડની પાઈપ તેમજ મારક હથિયારો વડે શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી પોતેજ ખાનગી હોસ્પિટલમાં ગંભીર ઈજાગ્રસ્ત યુવકને છોડી જતાં રહેતાં સમગ્ર યુવકનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે મૃતક યુવકના પિતા દ્વારા પોતાના પુત્રની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસ સમક્ષ જણાવતાં પોલીસે હોસ્પિટલના સીસીટીવી ફુટેજ સહિત વિસ્તારના સીસીટીવી ફુટેજની મદદથી યુવકની હત્યા કરનાર ત્રણ યુવકોને પોલીસે દબોચી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં બીલવાડા, મારવાડી ચાલ ખાતે રહેતો સંજય પારસીંગભાઈ ભુરીયાની બહેનનો દાહોદ તાલુકાના જાલત ગામે ખાખરીયા ફળિયામાં રહેતાં ૨૨ વર્ષીય અજીતભાઈ કલસીંગભાઈ બીલવાળ સાથે પ્રેમ સંબંધ હતો. આ અંગેની જાણ સંજયભાઈ ભુરીયાને થઈ જતાં તેને પોતાની બહેનના પ્રેમી અજીતભાઈનું કાસળ કાઢવાનું નક્કી કરી નાંખ્યું હતું તે માટે તેને પોતાના મિત્ર અરબાજ ઈરફાન પાટુક (રહે.ઘાંચીવાડ, દાહોદ) અને અન્ય એક ઈસમની મદદ લીધી હતી. તારીખ ૨૧મી ફેબ્રુઆરીના રોજ સંજયભાઈ ભુરીયાએ પોતાના બે મિત્રોની મદદ લઈ બુટેલ ટુ વ્હીલર ગાડી સાથે મૃતક અજીતભાઈ પાસે આવ્યાં હતાં અને ત્રણેય જણાએ અજીતભાઈનું અપહરણ કરી અજીતભાઈને બુલેટ પર બેસાડી ઉસરવાણ ગામે આવેલ એક ગેરેજમાં લઈ ગયાં હતા, જ્યાં અજીતભાઈને સંજયભાઈ તથા ઉપરોક્ત તેના બંન્ને મિત્રો મળી ત્રણેય જણાએ અજીતભાઈને લોખંડની પાઈપ વડે તેમજ મારક હથિયારો વડે શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી ત્યાર બાદ ગંભીર ઈજાગ્રસ્ત યુવકને દાહોદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે પણ છોડી મુકી ત્રણ જણા હોસ્પિટલમાંથી નાસી ગયાં હતાં.

પોતાનો પુત્ર અજીતભાઈ ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો હોવાની માહિતી અજીતભાઈના પિતા કલસીંગભાઈ બીલવાળને થતાં કલસીંગભાઈ તથા તેમના પરિવારજનો દાહોદની ખાનગી હોસ્પિટલ ખાતે પહોંચી ગયાં હતાં જ્યાં હોસ્પિટલના સ્ટાફ પાસેથી જાણવા મળ્યું કે, ત્રણ યુવકો તેમના દિકરાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર માટે છોડી ગયાં હતાં. આ અંગેની જાણ થતાં પિતા કલસીંગભાઈ દ્વારા પોલીસનો સંપર્ક સાંધ્યો હતો. પોલીસે હોસ્પિટલના તેમજ ઉસરવાણની આપસાના સીસીટીવી ફુટેજોની તપાસ હાથ ધરતાં સીસીટીવી ફુટેજમાં બુટેલ ટુ વ્હીલર ગાડી પર અજીતભાઈ જોવા મળ્યાં હતાં. પોલીસે ટેકનીકલ માદયમના સહારે બુટેલગ ગાડીના નંબર થકી ગાડીના માલિકની તપાસ હાથ ધરી હતી અને સંજયભાઈ ભુરીયા પોતાના સ્વજનનું બુલેટ ટુ વ્હીલર ગાડી વાપરતો હોવાનું સામે આવતાં પોલીસે સંજયભાઈ ભુરીયા અને તેના મિત્ર અરબાજ પાટુકની અટકાયત કરી સઘન પુછપરછ કરતાં ઉપરોક્ત હકીકત જાણવા મળી હતી અને પોતાની બહેન સાથે અજીતભાઈનું પ્રેમ પ્રકરણ ચાલતું હોય તેની અદાવતે અજીતભાઈને તેના મિત્રોની મદદથી હત્યા કરાઈ હોવાનું કબુલ્યું હતું.

# દાહોદ જીલ્લામાં આયુષ્યમાન કાર્ડ બનાવનારા કોમ્પ્યુટર ઓપરેટરોનું આઠ માસનું મહેનતાણું બાકી કયારે ચુકતે થશે...?

દે.બારીયા,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના દ્વારા મા આયુષ્યમાન કાર્ડ બનાવવા માટે લાભાર્થીઓની કતારો જોવા મળે છે. પરંતુ દાહોદ જીલ્લામાં અને પંચમહાલ બન્ને જીલ્લાઓમાં એક જ કોન્ટ્રાકટર નિમવામાં આવ્યો છે. આ કોન્ટ્રાકટે કર્મીઓના આઠ માસનો ઓપરેટરોને પગાર ચુકતે કરતા નથી અને કહે છે જીલ્લાની ઓફિસેથી બીલ પાસ કરાતો નથી શું ? આઠ માસ થી કોન્ટ્રાકટરના બીલ પાસ થયો નહિ હોય તે યક્ષ પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ અને પંચમહાલ જીલ્લામાં આયુષ્યમાન કાર્ડ બનાવી આપવાનો એક ખાનગી કોન્ટ્રાકટરના દ્વારા ટેન્ડરોની શરતો અનુસાર કાર્ડની શકલમાં દાહોદ જીલ્લામાં દસ થી બાર કોમ્પ્યુટર ઓપરેટરોને કોન્ટ્રાકટ બેજ ઉપર રાખવામાં આવેલ હાલમાં તેઓ મહેનતાણું મળતુ નથી. તેમ છતાં પોતાની ફરજ બજાવી રહ્યા છે. આ કોન્ટ્રાકટના મહેનતાણું ચુકવવાનું કોન્ટ્રાકટર બંધાયેલો છે. તેમ છતાં છેલ્લા આઠ માસ થી આ ઓપરેટરોનું મહેનતાણું કોન્ટ્રાકટર આપવાના ગલ્લાતલ્લા કરતો હોય તેવા કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટમાં કેમના મુકવો તે યક્ષ પ્રશ્ન છે. જો આઠ આઠ માસથી ઓપરેટરોને મહેનતાણું બાકી રહેતું હોય તો તેઓ કેવી રીતે પોતાનું ઘર સંસાર ચલાવતા હશે તે વિચારવાનું છે. કોન્ટ્રાકટર મહેનતાણુંના આપે તેઓ લાભાર્થીઓની પાસે પૈસા છાપવાના જ છે. તે હકીકત જ્યા પગારના મળતો હોય તો તે કામગીરીમાં અભાવ દેખાય છે. આ ઓપરેટરોના વહેલીતકે તેમના બીલો જીલ્લા આરોગ્યના પદના અધિકારીઓ પાસ કરી તેમનો પગાર અથવા મહેનતાણું ચુકતે કરે તેવી માંગ ઉઠવા પામી છે. તેમજ બે-ત્રણ માસથી લાભાર્થીઓના કાર્ડ આપવામાં આવતા નથી. ખુદ પંચમહાલ સમાચારના સ્થાનિક સંવાદદાતાનું કાર્ડ બનાવવામાં આવ્યું નથી તો પછી આમ વ્યકિતનું શું ? હાલ બનતા હશે તે વિચારવા લાયક છે. જે કાર્ડ અપડેટ થયા છે. તેઓના કાર્ડની પીએફ મોબાઈલ ઉપર સ્કેન કરી અપાય છે. અને તમે જાતે ખાનગી ઓપરેટરો પાસે કાર્ડ બનાવી લેજો. તેવું કહેવામાં આવે છે. કાર્ડ દીઠ રૂા.૫૦ થી ૬૦ વસુલાય છે. અને બીજા કાર્ડ બનાવવાના અલગ ગરીબ કુટુંબોને ખર્ચ કરવાનો સામેથી કોન્ટ્રાકટરના જ માણસો કહેતા હોય છે. તેમને કાર્ડ બનાવવાનું કોન્ટ્રાકટરે ઉપકરણ આપ્યું નથી શું ? આવા અધકચરા શરતોનું ઉલંઘન કરે તો કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટ કરીને નવો ટેન્ડર કેમ બહાર પાડવામાં આવતો નથી શું ? કોન્ટ્રાકટર અને જીલ્લા આરોગ્ય અધિકારીની મેળાપીપણી છે કે પછી કાર્ડ બનાવવાના નાણાંમાં ભાગીદારી છે. તેવું ગરીબ લાભાર્થીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, તા.૦૨/૦૨/૨૦૨૨ના રોજ દાહોદ જીલ્લાના આયુષ્યમાન મેગા ઝુંબેશ જીલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલાના હસ્તે એક ખાસ ઝુંબેશ અનુસાર શરૂ કરાયો તો મેગા શોનું આવું પરિણામ છે કે ગરીબ કુટુંબોને અંતરીયાળ સુધીના જ માણસને અને છેવાડાના વિસ્તારામાં રહેતા ગરીબોનેઆનો લાભ આપવામાં ના વાયદા મુજબ આપ કે દ્વારા આયુષ્યમાન કાર્ડનું ઝુમલો હતો કે શું ? તે દાહોદ જીલ્લાના પદના આરોગ્ય અધિકારી શું ? કહેશે ? તે જોવાનું રહ્યું.

# દાહોદના કઠલા ગામે ૨૮ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે એક ૨૮ વર્ષીય યુવકે અગમ્યકારણોસર પોતાના ઘરમાં લાકડીના વડી સાથે દોરડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ દાહોદ તાલુકાના કઠલા ગામે હરીજનવાસ ખાતે રહેતાં ૨૮ વર્ષીય નિલેશભાઈ જામલાભાઈ હરીજને અગમ્યકારણોસર પોતાના ઘરમાં વળી સાથે દોરડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં આ સંબંધે મૃતક નિલેશભાઈના પિતા જામલાભાઈ જાનીયાભાઈ હરીજને કતવારા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્માર્ટ ફોન સહાય વિતરણ કાર્યક્રમ અંતર્ગત દાહોદના ખેડૂતોને સહાય વિતરણનો પ્રારંભ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કૃષિકારો અદ્યતન ખેતીને અપનાવે અને નવીનતમ ટેકનોલોજીથી જાણકાર રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સ્માર્ટફોનની ખરીદી ઉપર સહાય આપવામાં આવી રહી છે. જેનો પ્રારંભ ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે લાભાર્થી ખેડૂતોને સ્માર્ટ ફોનના વિતરણ થકી કર્યો છે. દાહોદ જિલ્લાના કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ જિલ્લા સેવા સદન ખાતેથી વિડિયો કોન્ફરન્સના માદયમથી આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

આ ઉપરાંત જિલ્લા સેવા સદન ખાતેથી કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જિલ્લાના ખેડૂતોને સ્માર્ટ ફોન સહાયનું વિતરણ કર્યું હતું. દાહોદ જિલ્લાના ૬૦૩ ખેડૂતોને આ યોજના અંતર્ગત પૂર્વમંજૂરી આપવામાં આવી છે. જેમાંથી ૩૧ લાભાર્થી ખેડૂતોને રૂ.૧૭૪૧૯૪ની સહાય મંજૂરી પત્ર કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આજ રોજ આપ્યા હતા. કલેક્ટર ડો. ગોસાવીએ જિલ્લાના ખેડૂતો જેઓ આ સહાય માટે લાયક હોય તેમને આ યોજનાનો અવશ્ય લાભ લેવા જણાવ્યું હતું.

રાજ્ય સરકાર ખેડૂતો આધુનિક ટેકનોલોજીથી વાકેફ થાય અને ટેકનોલોજીમાં પણ આગળ રહે એ માટે સ્માર્ટફોનની ખરીદી ઉપર સહાય આપી રહી છે. આ યોજના અન્વયે ખેડૂતને એક સ્માર્ટ ફોનની ખરીદી કર્યેથી રૂ. ૧૫ હજાર સુધીની કિંમતના સ્માર્ટફોન માટે સહાય મળવાપાત્ર રહેશે. જેમાં ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા સહાય અથવા રૂ. ૬૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે.

આ કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી અધિકારી સુથાર સહિતના અધિકારીઓ તેમજ લાભાર્થી ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ જીલ્લામાં નરેગા યોજના અંતર્ગત ૧૦૦ લાખ માનવહિત ઉત્પન્ન કરી રોજગારી આપાવવાનો રેકોર્ડ બનાવ્યો

દાહોદ,

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દાહોદ મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત રાજ્ય અને દાહોદ જિલ્લાના ઈતિહાસમાં બીજી વખત ૧૦૦ લાખ માનવદિન ઉત્પન્ન કરી રોજગારી પૂરી પાડવાનો એતિહાસિક રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન પણ ગુજરાત રાજ્ય અને દાહોદ જિલ્લાના ઈતિહાસમાં ૧૦૦ લાખ થી વધુ માનવદિન ઉત્પન્ન કરવામાં આવેલ હતા. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ રૂ.૨૧૫.૫૫ કરોડ મજુરીખર્ચ અને રૂ.૧૯૦.૭૫ કરોડ માલસામાન ખર્ચ એમ કુલ રૂ.૪૦૬.૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે તથા ૧.૮૨ લાખ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. આ તમામ કુટુંબોને જિલ્લામાં ૧૦૦% સમયસર ચૂકવણું કરવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન જળ સંચય અને જળસંગ્રહના ૨૮૬૮ કામો, જૂથ સિંચાઈ કુવાના ૩૩૩૯ કામો, જમીન સુધારણાના ૮૯૬૬ કામો, પશુ શેડ ના ૪૪૮૬ કામો, વનીકરણના ૫૧૯૯ વગેરે જેવા કુલ ૪૪૬૯૬ કામો કરવામાં આવેલ છે જેના થકી ખેડૂતોની આવકમાં વધારો અને આજીવિકામાં સુધારો થયેલ છે. ખાસ કરીને ઈજ્ઞદશમ ૧૯ મહામારીના કપરા સમયમાં શ્રમિકોને જીવનનિર્વાહ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો આવા શ્રમિકોને મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત આટલી મોટી સંખ્યામાં રોજગારી પૂરી પાડવામાં આવેલ છે આમ આવી એતિહાસિક ક્ષણ દાહોદ જિલ્લામાં બનવા પામેલ છે.

# રેલ્વે સુરક્ષા બલ,(RPF) દ્વારા પાટા ચોરી કાંડમાં વધુ એક ભાગેડુ આરોપીને ઝડપી પડાયો



દાહોદ,

દાહોદના રેલ્વેસુરક્ષા બલના પાટા અને સ્લીપરોની ચોરી કાંડમાં લાખો રૂપિયાનો ચોરીનો માલ રિકવર કરી સાત જેટલાં આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાંથી અત્યાર સુધી રેલ્વે આરપીએફ પોલીસે તમામ આરોપીઓને રેલ્વે ચોરીનો મુદ્દામાલ અને સાત જેટલાં આરોપીઓને ઝડપી જેલ ભેગા કરી દેવામાં આવ્યા છે. ત્યારે રેલ્વે પોલીસને રેલ્વેના સામાનની ચોરીમાં પુરે પુરા સાત જેટલાં આરોપીઓને ઝડપી પાડવામાં અને ચોરીના મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મળી છે.

# ઝાલોદ બસ સ્ટેશનમાં ખિસ્સા કાતરૂઓનો આતંક

દાહોદ,

સમગ્ર રાજયમાં આવકની દ્રષ્ટિએ આગવુ સ્થાન ધરાવતા ઝાલોદ ડેપોમાં સુરક્ષાની દ્રષ્ટિએ વારંવાર રજુઆત કરવા છતાં તંત્રની ઉંઘ ઉડતી નથી. કોરોનામાં આવેલી હળવાશ અને તહેવારો તેમજ શાળા-કોલેજો નિયમિત થવાને કારણે બજારોમાં હિલચાલ વધી રહી છે. જેથી ઝાલોદ બસ સ્ટેશનમા પણ મુસાફરોની ચહલ પહલ વધતા સામાનની ઉઠાંતરી માટેની ગેંગ સક્રિય બની છે. છેલ્લા અઠવાડિયામાં આવી ગેંગને લોકોએ મેથીપાક આપવાના બનાવ પણ બન્યા છે. ઉપરાંત શાળા કોલેજ માટે અપડાઉન કરતી કિશોરીઓની છેડતી કરતા રોમીયો પણ સાંજ સવાર બસ સ્ટેશનમાં બેફામ ફરીને છેડતી કરી રહ્યા છે. તો સવાર સાંજ શાળા અને ઓફિસ સમયના કારણે બસ સ્ટેશનથી ભરત ટાવર અને ગામડી ચોકડી સુધીના વિસ્તારમાં ટ્રાફિક જામને કારણે પ્રજા પરેશાન થઈ રહી છે. ટ્રાફિક જામને કારણે એમ્બ્યુલન્સ ભોગ બનતી હોય છે. મજુરી માટે બહારગામ જતા આવતા મજુરોના ખિસ્સા કાપવાની સાથે સાથે તેમના સામાનની ઉઠાંતરી કરતા તત્વોને પણ લીલાલહેર છે.

બસ સ્ટેશન વિસ્તારમાં ઉભી રહેતા ખાનગી વાહનોમાંથી પણ ટેપ મોબાઈલ અને નાના મોટા સામાનની ચોરીના બનાવો વધી રહ્યા છે. ત્યારે બસ સ્ટેશન વિસ્તારમાં ૨૪ કલાકનો પોઈન્ટ મુકવાની માંગ પ્રબળ બની રહી છે. બસ ડેપોમાં સવાર-સાંજ પોલીસ મુકાય તો મુસાફર જનતાને રાહત થાય માટે સ્થાનિક વેપારીઓ અને આગેવાનો દ્વારા રજુઆત કરાઈ છે.

# ઝાલોદના ધોળાખાખરા ગામે બાઈક ચાલકે સ્લીપ ખાઈ જતા ગંભીર ઈજાઓથી મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધોળાખાખરા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમને મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ રાકેશભાઈ થાવરીયાભાઈ માવી (રહે. ગુલતોરા, માવી ફળિયુ, તા. ઝાલોદ, જિ.દાહોદ) ના પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ધોળાખાખરા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે મોટરસાઈકલ હંકારી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે વળાંકમાં અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં રાકેશભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાતાં તેમને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ધોળાખાખરા ગામે માવી ફળિયામાં રહેતાં પ્રકાશભાઈ થાવરીયાભાઈ માવીએ ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના હાથોડ અને વેચાતના મુવાડાના બે યુવકોને LRD અને PSIની પુનઃ પરીક્ષામાં પાસ થયા

દાહોદ,

દાહોદના બારીયાની હાથોડ અને મહિસાગરના વેચાતના મુાવાડાના બે યુવકોને એલ.આર.ડી. અને પી.એસ.આઈ.ની શારીરિક કસોટીમાં ચેસ્ટ ઓછી હોવાનુ કહીને નાપાસ કરાયા હતા. બંનેએ હાઈકોર્ટનુ શરણુ લેતા અમદાવાદના સોલામાં કોર્ટના હુકમના આધારે રિએસેસમેન્ટ કરાતા બંને પાસ થયા હતા. હવે આ બંને પૈકીનો બારીયાની હાથોડનો યુવક એલ.આર.ડી. અને વેચાતના મુવાડાનો યુવક એલ.આર.ડી. અને પી.એસ.આઈ. ની લેખિત પરીક્ષા આપશે. બારીયાની હાથોડના અનીલકુમાર બારીયાએ એલ.આર.ડી. માટે અને મહિસાગરના વેચાતના મુવાડાના પંકજકુમાર રાવલે એલ.આર.ડી. અને પી.એસ.આઈ. ના ફોર્મ ભર્યા હતા બંનેને શારીરિક કસોટી માટે ગોધરા બોલાવ્યા હતા. તમામ કસોટી બંનેએ પાસ કરી લીધી હતી. જો કે, અનીલ બારીયા અને પંકજ રાવલની ચેસ્ટની પરીક્ષામાં ફેલેટેડ અને ડિફેલેટેડમાં ફરક હોવાનુ કહી બંનેને નાપાસ જાહેર કર્યા હતા. આ નિર્ણયથી નારાજ થઈને બંનેએ મેદાન પર જ અપીલ કરી હતી જો કે, અપીલ બાદ કરાયેલા મુલ્યાંકનમાં પણ તેમને નાપાસ કર્યા હતા. જેથી અનીલ અને પંકજે અમદાવાદના વકીલ અરબાઝખાન પઠાણ અને ઝેડ.આઈ.સૈયદ દ્દ્વારા હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. આ બંનેએ ૨૦૧૭માં પણ શારીરિક કસોટી પાસ કરી હોવાનો હવાલો આપી અપીલ કરી હતી. ત્યારે હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવે બંનેનુ રીએસેસમેન્ટનો હુકમ કર્યો હતો. તેના આધારે અમવાદના સોલા વિસ્તારમાં રીએસેસમેન્ટ કરતા બંનેની ચેસ્ટ એલ.આર.ડી. અને પી.એસ.આઈ.માટે દર્શાવેલા નિયમ મુજબની હોવાનુ સામે આવતા બંનેને પાસ જાહેર કર્યા હતા. જેથી જસ્ટિસ બિરેન વૈષ્ણવે બંનેને લેખિત પરીક્ષામાં પણ બેસવા દેવાય તેવો હુકમ પણ કર્યો હતો. આગામી દિવસોમાં લેખિત પરીક્ષાની તારીખો આવશે ત્યારે અનીલ એલ.આર.ડી.માટે જયારે પંકજ એલ.આર.ડી. અને પી.એસ.આઈ. માટેની લેખિત પરીક્ષા આપશે.

# દાહોદ સ્માર્ટ સીટી બનાવવાની વાતો વચ્ચે પાણી માટે જનતાને વલખાં મારવાનો વખત આવ્યો

દાહોદ,

દાહોદ શહેરની જનતાને નગર પાલિકા દ્વારા છાસ વારે કોઈ ને કોઈ બાના બતાવી પીવાના પાણી માટે વલખા મરાવી રહ્યા છે અને વાતો મોટી મોટી કરી જનતાને ધોળા દિવસે તારા બતાવી રહ્યા છે. એક તરફ સ્માર્ટ સિટી બનાવવાની મોટી વાતો થઈ રહી છે અને બીજી તરફ દાહોદની જનતાને પ્રાથમિક સુવિધા આપવામાં નગર પાલિકા ફકત ગુલબાંગો પોકારી રહી છે. હાલમાં ફરી વાર ત્રણ દિવસ પાણી માટે જનતાને વલખા મારવાના છે.

દાહોદ શહેરના સેન્ટ્રલ વોટર વર્ક્સ ઉપર નવીન બનાવવામાં આવેલ ટાંકી તથા જુની ટાંકીના પાઈપલાઈનના જોડાણ અંગેની કામગીરી ચાલતી હોય ત્રણ દિવસ સુધી દાહોદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેનાર છે. તારીખ ૨ માર્ચથી તારીખ ૪ માર્ચ સુધી પાણી પુરવઠો બંધ રહેનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેરમાં આવેલ એમ.જી.રોડ, દેસાઈવાળ, આમલી ફળિયા, કુંડળવાળા ગલી, વણઝારવાડ,વાઘરીવાળ, ગોધરા રોડ, ગુજરાતીવાળ, સ્ટેશન રોડ, ઠક્કર ફળિયા, મારવાડી ચાલ, માણેકચોક, ભીલવાડા, શાંતિસદન સોસાયટી, ગવર્મેન્ટ કોલોની, લક્ષ્મી નગર, પોલીસ લાઈન, નેહરૂ સોસાયટી, સુખદેવ કાકા કોલોની વિગેરે જેવા અનેક સ્થળોએ તારીખ ૨ માર્ચથી તારીખ ૪ માર્ચ ૨૦૨૨ સુધી એટલે કે ત્રણ દિવસ સુધી પાણી પુરવઠો બંધ રહેનાર છે. જાણવા મળ્યા અનુસાર, દાહોદ શહેરના સેન્ટ્રલ વોટર વર્ક્સ ઉપર નવીન બનાવવામાં આવેલ ટાંકી તથા જૂની ટાંકીના પાઈપલાઈનના ટોળા અંગેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.155

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરામાં GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ)ના કહેરને લઈ વડોદરાના નિષ્ણાંતની ટીમો દ્વારા સર્વે હાથ ધરાયો

- ગોધરામાંથી GBSનો વધુ એક કેસ મળ્યો.
- વડોદરાની ૪ તબીબની ટીમ દ્વારા સર્વે હાથ ધરાયું.
- વડોદરાથી આવેલ ટીમ દ્વારા દર્દીઓની હિસ્ટ્રી ચેક કરવામાં આવી.

ગોધરા, પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાંથી મળી આવેલા ગુલીયન બેરી સિન્ડ્રોમ નામના રોગના ૧૦થી વધુ કેસો મળી આવતાં જિલ્લા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. સાથે સાથે આજે વડોદરા ખાતેથી તબીબોની એક ટીમ પણ ગોધરા ખાતે દોડી આવી હતી. વડોદરા ગોત્રી મેડિકલ કોલેજના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં અસરગ્રસ્ત દર્દીઓના રહેણાંક મકાનોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. આજે વધુ એક કેસ જીબીએસ મળી આવતા કુલ કેસની સંખ્યા ૧૧ ઉપર પહોંચી છે.





પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ અલગ અલગ સોસાયટી વિસ્તારો તેમજ સરકારી વસાહતોમાંથી ગુલીયાન બેરી સિન્ડ્રોમ નામના રોગના ગઈકાલે કેસો મળી આવ્યા હતા. એક સાથે મોટી સંખ્યામાં મળી આવેલા જીબીએસ નામના રોગના કેસોને લઈને સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં છ જેટલી ટીમો દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. એક જ વિસ્તારમાંથી એક સાથે મોટી સંખ્યામાં મળી આવેલા કેસોને લઈને આજે વડોદરા ગોત્રી મેડિકલ કોલેજની એપિડેમિક રેપીડ એકશન ટીમ ગોધરા ખાતે આવી પહોંચી હતી. વડોદરા ખાતેથી ૪ તબીબોની ટીમ દ્વારા

**ગોધરાના આ વિસ્તારમાં સર્વે હાથ ધરાયો**

ભુરાવાવ વિસ્તારમાં ગુલીયન બેરી સિન્ડ્રોમ (જીબીએસ)ના મળી આવેલ દર્દીઓના સોસાયટી દયાનંદ નગર, ડોડપા ફળીયા અને એસ.આર.પી. વસાહતમાં ટીમો દ્વારા તપાસ કરાઈ.

ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં સ્થાનિક આરોગ્ય વિભાગને સાથે રાખીને તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટીમ દ્વારા ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ દયાનંદ નગર, ડોડપા ફળિયા અને એસઆરપી વસાહત ખાતે જઈને સ્થળ તપાસ હાથ ધરી હતી. ટીમો દ્વારા જે કેસો મળી આવ્યા હતા. તે દર્દીઓના રહેણાંક મકાનોમાં રાખવામાં આવેલા પાણી ભરવાના વાસણો તેમજ પાણી ભરાઈ રહે તેવી ખુલ્લી જગ્યાઓ અને અગાસીમાં રાખવામાં આવેલ પાણીની ટાંકીમાં પણ એડિશ મચ્છરોના લારવા છે કે, કેમ તે અંગેની તપાસ હાથ ધરી હતી. તેમજ દર્દીઓની કેસ હિસ્ટ્રી પણ ચકાશી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ગઈકાલે અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી

ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તાર માંથી ગુલીયન બેરી સિન્ડ્રોમ નામના રોગના ૧૦ થી વધુ દર્દીઓ મળી આવતાં વડોદરા ગોત્રી મેડીકલ કોલેજની એપિડેમીક રેપીડ એક્શન ટીમ ૪ તબીબો દ્વારા સ્થાનિક આરોગ્ય તંત્રને સાથે રાખી સ્થળ તપાસ કરાઈ હતી.

કરીને મેળવેલા સેમ્પલો પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જે પૈકી આજે GBSનો વધુ એક કેસ પોઝિટિવ મળી આવ્યો હતો.

આમ, ગોધરા શહેરમાં જીબીએસના ૧૧ જેટલા કેસો મળી આવ્યા છે. તો બીજી તરફ બિન સત્તાવાર રીતે જાણવા મળ્યા મુજબ ૩ જેટલા લોકોનાં શંકાસ્પદ લક્ષણોને લઈને મોત થયા હોવાનું સામે આવ્યું છે. શહેરમાંથી મળી આવેલા તમામ કેસો હાલ વડોદરા ખાતે ખાનગી અને સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આરોગ્ય વિભાગ દ્વારા રોગને વધુ વકરતો રોકવા માટે જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, પરંતુ એક સાથે મોટી સંખ્યામાં મળી આવેલા કેસો સ્થાનિકો સહીત તંત્રની ચિંતામા ચોક્કસથી વધારો કર્યો છે.

## કાલોલ તાલુકાના સમા ગામની સ.નં.૮૭૧માં વારસદાર છુપાવી ખોટું પેઢીનામું બનાવનાર સામે ફોજદારી ગુનો નોંધાવા અરજદારને પોલસ મથકે ધરમધકકા

કાલોલ, કાલોલ તાલુકાના સમા ગામની રે.સ.નંબર ૮૭૧ના સીધી લીટીના વારસદારોને છુપાવ સુચિત વારસદારોની કોઈપણ સંમતિ લીધા વગર ખોટું પેઢી નામું તૈયાર કરી સાચા તરીકે ઉપયોગ કરી જમીન પચાવી પાડી તેમજ વળતરના નાણાં પણ કોઈપણ હકક-અધિકાર વગર પચાવી પાડી ગુનાહીત કાવતરું કરનારાઓ સામે અરજદાર દ્વારા પંચમહાલ જીલ્લા પોલીસને ૧૮/૧૧/૨૦૨૧ના રોજ લેખિતમાં અરજી આપી ગુનો નોંધાવા માટે અરજ કરવા છતાં હજુ આજદિન સુધી પોલીસ દ્વારા ખોટા પેઢીનામા બનાવનાર વિરૂદ્ધમાં ફોજદારી ગુના હેઠળ ફરિયાદ નહી નોંધાતા અરજદાર દ્વારા આવનાર દિવસોમાં જીલ્લા પોલીસ અધિક્ષકને મળીને લેખિત રજુઆત સાથે ગુનો નોંધાવા રજુઆત કરનાર છે.

કાલોલ તાલુકાના સમા ગામ રે.સ.નંબર ૮૭૧ વાળી જમીનના અરજદાર કંકુબેન હરખાભાઈ દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી છે કે, સમા ગામના સ.નંબર ૮૭૧માં પિતા હરખાભાઈ કાળુભાઈની માલિકીની જમીન હોય તેમાં વારસદાર તરીકે તેમની પત્ની લખીબેન અને તેમના સંતાનોમાં ગંગાબેન, કસનબેન તેમજ કંકુબેન એ સીધી લીટીના વારસદારો હોય તેમ છતાં ધનજીભાઈ વિરાભાઈ દ્વારા વર્ષ ૨૦૨૧માં તૈયાર કરેલ પેઢીનામામાં હરખાભાઈ કાળુભાઈના વારસદારોમાં પત્ની લખીબેન હરખાભાઈ અને પુત્રી કશનબેનને દર્શાવી મરણ ગયેલ હોય તેના આધારે સીધી લીટીના બે વારસદાર પુત્રી કંકુબેન અને ગંગાબેનને પેઢીનામા બે વારસદારને છુપાવી ખોટા પેઢીનામા બનાવી આડી લીટીના વારસદાર તરીકે ધનજીભાઈ વીરાભાઈ દ્વારા ખોટી રીતે રેવન્યુ ખાતા નં.૪૬૧માં તા.૦૯/૦૪/૨૦૨૧ના રોજ નોંધ નં.૮૭૧ થી આડી લીટીના વારસદાર તરીકે વારસાઈ નોંધ દાખલ કરાવી હતી. જેને ૦૩/૦૭/૨૦૨૧ના રોજ સર્કલ ઓફિસરએ પ્રમાણિત કરી નોંધ મંજુર કરી હતી.

ઉપરોકત સર્વે નંબર ૮૭૧ વાળી જમીન માંથી નેશનલ કોરીડોર દિલ્હી-મુંબઈ રોડ પસાર થતો હાઈવે નં.૧૪૮/એન ના કામે સંપાદીત થતા તેના સંપાદનની કુલ વળતરની રકમ રૂા.૫,૫૭,૩૨૧/-જેવી મોટી રકમ ધનજીભાઈ વિરાભાઈ દ્વારા સીધી લીટીના હયાત વારસદારોને જાણ બહાર પચાવી પાડયા હોવાનું ધ્યાને આવતા અરજદાર કંકુબેન દ્વારા પિતાની મિલ્કતના વારસદાર અંગે તપાસ કરતા હરખાભાઈ કાળુભાઈના સીધી લીટીના વારસદારના માતા લખીબેન અને કશનબેનને પેઢીનામામાં દર્શાવી હાલ બન્નેના મરણ જતા પિતરાઈ ભાઈ ધનજીભાઈ દ્વારા આ મિલ્કત સીધી લીટીના કુલ ચાર વારસદારો પૈકી હાલ હયાત વારસદાર કંકુબેનના ધ્યાને આવતાં ખોટું પેઢીનામું બનાવી સીધી લીટીના વારસદારને છુપાવી ગુનાહીત કૃત્ય કરનાર ધનજીભાઈ સામે કંકુબેને કાલોલ તાલુકા પોલીસ મથકે અને જીલ્લા પોલીસ અધિક્ષકને તા.૧૮/૧૧/૨૦૨૧ના રોજ લેખિત અરજી આપી ગુનો નોંધાવા માટેની રજુઆત કરી હતી. પરંતુ પોલીસને વારંવાર રજુઆત કરવા છતાં આજદિન સુધી ખોટા પેઢીનામાં કરવા છતાં આજદિન સુધી ખોટા પેઢીનામા બનાવી સાચા તરીકે ઉપયોગ કરનાર સામે ગુનો નહીં નોંધાવામાં આવતાં અરજદાર દ્વારા આવનાર દિવસોમાં જીલ્લા પોલીસવડાની કચેરી ખાતે પહોંચી ખોટા પેઢીનામા બનાવનાર અને સીધીલીટીના વારસદાર છુપાવી ગુનો આચરનાર સામે ફોજદારી ગુનો નોંધાવા રજુઆત કરશે. તેમ છતાં ગુનેગારો સામે ગુનો નોંધાવાની કામગીરી કરવામાં આવે નહીં તો આવનાર દિવસોમાં અરજદાર ગાંધી ચિધ્યા માર્ગે ઉપવાસ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## હાલોલ સ્ટેશન રોડની રે.સર્વે.નં.૧૪/૪,૧૪/૨ વાળી શરત ભંગ શ્રી સરકાર થયેલ જમીન બાંધકામ થતાં મામલતદારે નોટીસ આપી કબ્જો દુર કરવા આદેશ

હાલોલ, હાલોલ ના નાયબ કલેકટર (પ્રાંત અધિકારી) નાઓએ સને ૨૦૧૬માં હાલોલ નગરની સ્ટેશન રોડ પર આવેલ રે.સ.ન.૧૪/૪,૧૪/૨ ની જમીન બાબતે થયેલી અરજી કલમ ૭૯ મુજબ જમીનમાં થયેલ શરત ભગ બદલ ખાલસા કરી સરકાર શ્રી હસ્તક દાખલ કરવા હુકમ કરેલ તેમ છતાં તે જમીન ઉપર બાંધકામ થઈ જતા હાલોલના મામલતદારે આજે લેન્ડ રેવન્યુ કોર્ડની કલમ ૨૦૨ મુજબ નોટીસ ફટકારી દિન સાતમા જમીન ઉપરનો અન અધિકૃત કબજો દૂર કરવાનો જણાવતા આ વિસ્તારના રહીશોમાં ખલભલાટ મચી જવા પામ્યો હતો.



પ્રાપ્ત માહિતી મુજબ હાલોલ ના નાયબ કલેકટર (પ્રાંત અધિકારી) નાઓએ સને તારીખ ૧૨.૨.૨૦૧૬ ના હુકમ નબર સિટીએસ અપીલ નબર ૬૧/૨૦૧૫. થી કલમ ૭૯ મુજબ જમીનના થયેલ શરત ભગ બદલ ખાલસા કરી સરકાર શ્રી હસ્તક દાખલ કરવા હુકમ કરેલ છે. જે જમીન તમારી પાસે ગેરકાયદેસર રીતે કબજામાં છે અને તે જમીનમાં તમો અન અધિકૃત રીતે દબાણ કરી રેહણાંન ના મકાનો બનાવી/ખુલ્લી જગ્યા નો ઉપાયોગ કરો છો, જેથી હાલોલના મામલતદાર પી. આર.સંગાડા નાએ મે. કલેકટર પંચમહાલ ગોધરાના તાઃ- ૨૪.૧.૨૦૨૨ ના પત્ર મુજબ સને ૧૮૭૯ મુંબઈના જમીન મહેસૂલ કાયદા ની કલમ ૨૦૨ માં ઠરાવ્યા પ્રમાણે અમોને સત્તાનો સુપ્રત કરવામાં આવેલ હોય આ નોટીસ મળે થી દિન સાતમાં જમીન ઉપરનો અન અધિકૃત કબજો દૂર કરી દેવો તેમ કરવામાં ચૂક કરશો તો મુદત વીસે સરકારી રાહે સદર ભુ જગ્યા ઉપરથી તમને દૂર કરવા તજવીજ કરવામાં આવશે અને તે અંગે થતો તમામ ખર્ચ જમીન મહેસૂલ બાકી પેટે તમારી પાસે થી વસૂલ કરવામાં આવશે તેવું હાલોલ મામલતદારે નોટીસમાં જણાવ્યું હતું.

## શહેરા વલ્લવપુર (વાડી)ના જે.બી. સોલંકીએ નોકરી અપાવા બહાને ૭ લાખ પડાવી અંગત કામે વાપરી નાખતા ફરિયાદ

શહેરા, શહેરા તાલુકાના વલ્લવપુર (વાડી) ગામે રહેતા અને તાલુકા પંચાયતના સભ્ય સામે ખેડા જીલ્લાના દાપટ ગામના યુવાનને આર્મી અને એસ.આર.પી.માં નોકરી આપવાની ખાત્રી આપી ૩,૦૭,૦૦૦/-રૂપીયા પડાવીને અંગત કામે વાપરી નાખ્યા અંગેની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ખેડા જીલ્લાના કઠલાલના દાપટ ગામે રહેતા ઈન્દ્રવદન ભલાભાઇ પરમારને શહેરાના વલ્લવપુર (વાડી) ગામે રહેતા જશવંતસિંહ બળવંતસિંહ સોલંકીએ આર્મી, એસ.આર.પી. કે પોલીસમાં નોકરી આપવાનો પાકો વિશ્વાસ આપ્યો હતો. અને નોકરી અપાવવા માટે ૩,૦૭,૦૦૦/- રૂપીયા રોકડા લઈને નોકરી નહી અપાવી અંગત કામે રૂપીયા વાપરી નાખી વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

## ગોધરાના છબનપુર ગામે જમવા જેવી નજીવી બાબતે પુત્રએ લાકડાના ઘા ઝીંકી માતાની હત્યા કરી નાખતાં અરેરાટી વ્યાપી



ગોધરા, ગોધરા તાલુકાના છબનપુર ગામે જમવા જેવી નજીવી બાબતે તકરારમાં પુત્રએ માતા ઉપર લાકડાના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરતા આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા હત્યારા પુત્રને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરાઈ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના છબનપુર ગામે જમવા જેવી બાબતે પુત્ર અને માતા વચ્ચે તકરાર થઈ હતી. જમવા જેવી બાબતે તકરારમાં પુત્રએ ઉશ્કેરાઈ જઈને ૫૦ વર્ષીય માતા ઉપર લાકડાના ઘા ઝીંકી દેતા ગંભીર ઈજાઓ થતાં માતાનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. કળયુગી પુત્રએ માતાની નિર્મમ હત્યા કરી ફરાર થઈ જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે હત્યારા પુત્ર આરોપી વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

## કાલોલના ચલાલી ચોકડી પાસેથી ટેમ્પામાં લઈ જવાતો ૧૪.૨૩ લાખના વિદેશી દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

કાલોલ, કાલોલ તાલુકાના વેજપુર પોલીસ દ્વારા ચલાલી ચોકડી પાસે અશોક લેલન ટેમ્પામાં દારૂ લઈ જવાતો હોય તેવી બાતમીના આધારે ટેમ્પો ઝડપી પાડવામાં આવ્યો. ટેમ્પા માંથી ભારતીય બનાવટનો દારૂ અને બિયર મળી કિંમત ૧૪,૨૩,૩૨૦/-રૂપીયા સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ ચલાલી ચોકડી પાસેથી અશોક લેલન ટેમ્પો નંબર એચઆર. ૪૫.ડી.૫૯૪૩ને બાતમીના આધારે વોચ ગોઠવીને ઝડપી પાડવામાં આવ્યો હતો. ટેમ્પાની તપાસ દરમિયાન કિંગ ફિશર બીયર પેટીઓ નંગ-૩૧૫ કિંમત ૯,૦૭,૨૦૦/-રૂપીયા, ડેવીલ એકસ્ટ્રા સ્ટ્રોંગ બીયર પેટીઓ નંગ-૧૮૭ કિંમત ૫,૧૬,૧૨૦/-રૂપીયા મોબાઈલ ફોન ૧૦,૦૦૦/- ટેમ્પો મળી ૨૪,૩૮,૮૨૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. તેમજ બે ઈસમો રાજકુમાર બચનારામ પાલ, અમુલકુમાર સલિન્દ્રકુમાર પાલને ઝડપી પાડી વેજલપુર પોલીસે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી છે.

## ગોધરાના રામપુરા ખાતે બે દિવસની નેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું

ગોધરા, નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી. ફાર્મસી કોલેજ રામપુરા, ગોધરા દ્વારા ૨૦૦૬ થી બેચલર ઓફ ફાર્મસી કોર્સ ચાલવામાં આવે છે. આ સંસ્થાને એ.આઈ. સી. ટી. ઈ અને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દિલ્હીથી માન્યતા મળેલ છે. હાલના રોગચાળાને કારણે બી. ફાર્મસી કોલેજ રામપુરાએ GUJCOST-DST ના સ્પોન્સરથી બે દિવસીય નેશનલ કોન્ફેરન્સનું તા. ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૨ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦૦ થી વધુ રજીસ્ટ્રેશન થયા અને સફળતાથી કોન્ફરસનું આયોજન થયું. આ નેશનલ કોન્ફેરેન્સમાં આખા દેશમાંથી ફાર્મસી ફિલ્ડના બધા સહભાગીઓએ ભાગ લીધો હતો તથા ઘણા સહભાગીઓએ આ કોન્ફેરેન્સમાં ઈ- પોસ્ટર રજુ કર્યા. જેમાં એક વિજેતાને રૂ. ૧૦૦૦ રોકડ ઈનામ તથા સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. આ કોન્ફેરેન્સમાં ફાર્માસ્યુટિકલ અને ફાર્મસી સંસ્થાઓમાંથી ઘણા સ્પીકરોએ એમનું નોલેજ શેર કર્યું હતું. કોન્ફેરેન્સની સફળતામાં નૂતન એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ જે.આર.પટેલ તથા ઉપપ્રમુખ આર.આર.પટેલ, પ્રિન્સિપાલ ડો. એમ. બી.શંકર, વાઈસ પ્રિન્સિપાલ ડો. સુરેશ જૈન, પ્રોગ્રામ કોર્ડીનેટોર નિરમા ચાવડા તથા ફાર્મસી કોલેજના તમામ ફેકલ્ટીનું મોટું યોગદાન છે.

## કાલોલ તાલુકાના દેલોલ ગામની સીમમાં જુગાર રમતા ૪ જુગારીયાને પોલીસે ઝડપ્યા

કાલોલ, કાલોલ તાલુકાના દેલોલ ગામની સીમમાં વૃંદાવન હોટલ પાછળ ગામની સીમમાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ચાર જુગારીયાને ૧૧,૩૫૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના દેલોલ ગામની સીમમાં આવેલ વૃંદાવન હોટલ પાછળ ગામની સીમમાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા હોય તે સ્થળે કાલોલ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન હસમુખ નટવરભાઈ રાઠોડ, મહેન્દ્રભાઈ ગજેસિંહ રાઠોડ, તખતસિંહ ઉદેસિંહ રાઠોડ, સુરેશ રમેશભાઈ રાઠોડને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ આરોપીઓની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૧,૩૫૦/- રૂપીયા જપ્ત કરી આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાઈ.

**Baroda Gujarat Gramin Bank**

Regional Office : "Kalindi", 1, Mahavir Jain Society, Godhra.-389001. Panchmahal Ph. : 02672-242438 website : www.bggb.in

**Sale Notice of Vehicles through E-Auction**

Here by interested person can apply for the E-Auction on **15/03/2022** for below mentioned vehicle seized by the bank of the borrower who failed to repay the bank overdue strictly on **"as is where is", "as is what is"** towards recovery of bank's secured debit plus costs, charges and future interest thereon as per details given below. The auction will be online E-auction through **website:https://sarfaesi.auctiontiger.net on 15/03/2022 between 11:00 am to 01:00 pm.** (Also available on Auction Tiger Mobile App)

| S. N. | Branch Name | Description of the Vehicle | Registration Number | Minimum Reserve Price | Deposit Amount | Place of Survey Contact No. for All Mob. No. 9979669170 |
|---|---|---|---|---|---|---|
| 1. | Nadisar 9099007080 | Tractor New Holland 3510 | GJ17AE2458 | 65000 | 6500 | Fast warehouse Near Engineering College, Godhra Shahera Road, Khandiya, Ta. Shahera Panchmahal |
| 2. | Limdi 9099007097 | Tata 1613 Truck Open Body | GJ20V6676 | 550000 | 55000 | At Rupakheda Ta. Limdi Dahod |
| 3. | Waghjipur 9099007093 | Tractor Mahindra 275DI | GJ17BH1604 | 200000 | 20000 | Pawan Auto Godhra. |
| 4. | Waghjipur 9099007093 | Trailor | GJ17UU4287 | 65000 | 6500 | |
| 5. | Abhlod 9099007126 | Trailor | GJ20T9361 | 35000 | 3500 | Jalaram Parking Yard , Dahod |
| 6. | Dhanpur 9099007091 | Swaraj 735 FE | GJ20B2534 | 70000 | 7000 | |
| 7. | Dhanpur 9099007091 | Trailor | GJ20T5468 | 35000 | 3500 | |

All the Taxes / GST as per govt.rules applicable shall be payable by the purchaser on sale of movable / immovable assets. For detailed terms and conditions of sale, please refer to the link provided in **https://bggb.in/e_auction.php** Prospective bidders may submit bid form along with remittance of Deposit Amount (EMD) through RTGS / NEFT in the account No. : **30780013201017** favoring "BGGB Godhra" IFSC Code-BARB0BGGBXX by **07/03/2022 up to 04:00 pm.**

The borrowers / guarantors / mortgagors are hereby given notice to pay the total dues along with up to date interest and ancillary expenses before the date of auction, failing which the vehicle will be auctioned / sold and balance, if any will be recovered with interest and cost.

Place : Godhra
Date : 24/02/2022

(Authorised Officer)
Baroda Gujarat Gramin Bank

**ઓન-લાઈન ટેન્ડરીંગ**
**હાલોલ નગરપાલિકા જી.પંચમહાલ**
**જાહેર નિવિદા સને : ૨૦૨૨-૨૩**

હાલોલ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી, હાલોલ-૩૮૯૩૫૦ જી.પંચમહાલ ફોન નં.૦૨૬૭૬-૨૨૧૯૭૨ દ્વારા આઈ.સી.ડી.એસ. ની ગ્રાંટ વર્ષ ૨૦૨૧-૨૨ હેઠળ અંદાજિત રૂા.૨૦.૫૩ લાખના આંગણવાડીના કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઓનલાઈન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્યપદ્ધતિ સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવે છે. જે રસ ધરાવતા ઈજારદારો/ઉત્પાદનકર્તાએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા વેબસાઈટ https://nagarpalika.nprocure.comમાં જોઈ શકાશે. નિવિદામાં જણાવેલ કોઈપણ ટેન્ડર અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નગરપાલિકાનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત વેબસાઈટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા/વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે.

- ઓન-લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખઃ૨૩/૦૨/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાક થી ૦૫/૦૩/૨૦૨૨ સાંજે ૧૮:૦૦ કલાક સુધી.
-ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરે ઓરિજિનલ ડોક્યુમેન્ટનું ફીઝીકલ સબમિશનની આખરી તા.૦૯/૦૩/૨૦૨૨ સાંજે ૧૮:૦૦ કલાક સુધી.
(નોંધઃ માત્ર આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટથી હાલોલ નગરપાલિકાને મોકલવાના રહેશે.)
- ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા.૧૧/૦૩/૨૦૨૨ ઓફિસ સમય દરમિયાન.

વિરાજ શાહ, મુખ્ય અધિકારી, હાલોલ નગરપાલિકા
પ્રમોદસિંહ રાઠોડ, કારોબારી ચેરમેન, હાલોલ નગરપાલિકા
શિતલ પટેલ, ઉપપ્રમુખ, હાલોલ નગરપાલિકા
વિભાક્ષીબેન દેસાઈ, પ્રમુખ, હાલોલ નગરપાલિકા

માહિતી/ગોધરા/૯૭૧/૨૦૨૨

## સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ પંચમહાલ જિલ્લા ની કારોબારી ની બેઠક યોજાઈ



ગોધરા, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ પંચમહાલ જિલ્લાની કારોબારી ગોધરા ખાતે ચીમનભાઈ બાલમંદિરના હોલમાં પ્રદેશ ઉપાધ્યક્ષ આશિતભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં જિલ્લા માંથી છ એકમના પદાધિકારીઓ તેમજ જિલ્લાના તમામ પદાધિકારીઓ સાથે પ્રદેશના સંગઠન મંત્રી ડો.અર્પિત ઠાકર, પ્રદેશ મંત્રી મનોજ જોષી, મહિલા વિભાગના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરીબેન જોષી, પ્રદેશ મંત્રી ભૂમિબેન જોષી, પ્રદેશના ડો.રાજેશ રાવલ, કંદર્પ પંડ્યા, દિવાકર શુકલ પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા અધ્યક્ષ કાર્તિક ત્રિવેદી એ સંગઠન ઉપર ભાર મૂકી આપણી સંસ્થા સમાજ માટે કેટલા ઉમદા કાર્ય કરી રહ્યા છે તે જણાવ્યું હતું. અધ્યક્ષ સ્થાને થી પ્રદેશ ઉપાધ્યક્ષ આશિત ભટ્ટએ જણાવ્યું હતું કે, આપણા એકમમાં કાશ્મીરાબેન પાઠકે ૨૭૦ બેનોને એકત્રિત કરી વિવિધ કાર્યો કરી રહ્યા છે. એ સમાજનું ગૌરવ છે. તેમ જણાવી આપણા સંગઠને મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ સતત બે વર્ષ કર્યું જેમાં સીધાજ ૧૫૦૦૦ થી વધુ આપણા સમાજના યુવા યુવતીઓને નોકરી, રોજગાર લક્ષી બનાવ્યા. હાલમાં પણ UPSC, GPSC ના કલાસિસ દ્વારા યુવા યુવતીઓને પ્રસીક્ષણ આપવામાં આવ્યુંછે. મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યાં હતા. ત્યારે જણાવ્યું હતું કે, જે બ્રાહ્મણ સાથે બ્રાહ્મણ એની સાથેનું સૂત્ર આપણે સૌએ અપનાવવાનું છે. ત્યારબાદ છ એકમના નવા વરાયેલા પદાધિકારીઓને અને જિલ્લાના નવ નિયુક્ત પદાધિકારીઓને નિયુક્તિ પત્રો આપવામાં આવતા સમગ્ર હોલ હર હર મહાદેવના નારા થી ગુંજી ઉઠ્યો હતો. આભાર વિધિ જિલ્લા મહામંત્રી કુણાલ ત્રિવેદી એ કરી હતી. ત્યાર બાદ બ્રહ્મ ભોજન લઈને બધા છુટા પડ્યા હતા.